ક્રમાંક-૧

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**અગિયારમું સત્ર**
**બુધવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે બપોરના ૧૨-૦૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્ન**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૮૦ ની ચર્ચા હાથ ધરવામાં આવી.

૨. **માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની રજૂઆત**

**પ્રજાના પ્રશ્નોની ચર્ચા માટે સમય ફાળવવા અંગે**

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવાએ પ્રજાના પ્રાણ પ્રશ્નોની ચર્ચા માટે અડધા કલાકની ચર્ચા ફાળવવા માટેની રજૂઆત કરતા, આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પ્લે કાર્ડ બતાવી સૂત્રોચ્ચાર કરતા, આ અંગે સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર અને શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે કામકાજ સલાહકાર સમિતિમાં ચર્ચા થઇ ગયેલ હોવાનું અને વિપક્ષના સભ્યશ્રીઓને આ અંગે પ્રદર્શન ન કરવા અને ગૃહની ગરિમા જાળવવા તથા નિયમો અને બંધારણ વિરુદ્ધ કાર્ય ન કરવા માટેની વારંવાર વિનંતી કરી.

૩. **સભ્યશ્રીઓને નિયમ-૫૧ હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અને સભાત્યાગ**

આ તબક્કે સભ્યશ્રી જિગ્નેશભાઇ મેવાણી વેલમાં આવતા માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યશ્રી જિગ્નેશભાઇ મેવાણીને સસ્પેન્ડ કરવા માટેનો પ્રસ્તાવ મૂકતા અને તેને શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ ટેકો આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણી સહિત સભાગૃહની વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૧ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા અને માનનીય સભ્યશ્રીઓને બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો. (વેલમાં આવેલ સભ્યશ્રીઓ- શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી જીગ્નેશકુમાર મેવાણી, શ્રી કનુભાઇ બારૈયા, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી નૌશાદભાઇ સોલંકી, ગેનીબેન ઠાકોર, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી પ્રતાપભાઇ દૂધાત, શ્રી સંતોકબેન આરેઠીયા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી અમરીશભાઇ ડેર, શ્રી બાબુભાઇ વાજા, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભાવેશભાઇ કટારા, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી પ્રવિણભાઇ મુસડીયા) જેના અનુસંધાને વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૪. **ટૂંકી મુદતના પ્રશ્ન ( ક્રમશઃ)**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૮૦ ની ચર્ચા હાથ ધરવામાં આવી.

૫. **અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**સસ્પેન્ડ થયેલા વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં આવવા અંગે**

માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇ મેવાણી તથા વિપક્ષના સભ્યશ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી નૌશાદ સોલંકી, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, ગેનીબેન ઠાકોર, શ્રી કનુભાઇ બારૈયા, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી પ્રતાપભાઇ દુધાત, શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી બાબુભાઇ વાજા, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી ચંદનજી ઠાકોર સહીત કેટલાક ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવેલ સભ્યશ્રીઓ ગૃહમાં આવતા, માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહની કાર્યવાહીમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓને બહાર જવા આદેશ આપ્યો અને સભ્યશ્રી પરેશ ધાનાણી અને બીજાં નામો અંગે વિડિયો જોઇ જવા માટેનો આદેશ કર્યો.

૬. **ટૂંકી મુદતના પ્રશ્ન (ક્રમશઃ)**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૮૦ અને ૮૧ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.**

૭. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય સભાગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પૂર્વ મંત્રી સ્વ.ભગુભાઇ ગોમાનભાઇ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી સ્વ.શ્રી તારાચંદ જગશીભાઇ છેડા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂત, સ્વ.શ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કર, સ્વ.શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ

વહીઆ, સ્વ.શ્રી મગનસિંહ ચિમનસિંહ વાઘેલા અને સ્વ.શ્રી ભરતભાઇ વશરામભાઇ ખોરાણી અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા તથા શ્રી કિર્તીસિંહજી વાઘેલાએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ  શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૮. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૨નો ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૨) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮–૧૯ થી સન ૨૦૨૦–૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન.

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૩) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ.

**માનનીય પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણા**

(૫) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેનાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબનાં નાણા વિભાગના કુલ–૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૬ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન.

| No | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-74)GSTR-2020/S.164(62)TH | 06-08-2020 |
| 2. | (GHN-89)GST-2021/S.11(1)(59)TH | 25-11-2021 |
| 3. | (GHN-100)GST-2021/S.1(17)TH | 29-12-2021 |
| 4. | (GHN-3)GSTR-2022/S.164(77)TH | 01-01-2022 |
| 5. | (GHN-5)GST-2022/S.9(1)(44)TH | 01-01-2022 |
| 6. | (GHN-28)GST-2022/R.48(4)(9)TH | 09-03-2022 |
| 7. | (GHN-33)GST-2022/S.11(1)(62)TH | 31-03-2022 |
| 8. | (GHN-34)GST-2022/S.23(6)TH | 31-03-2022 |
| 9. | (GHN-43)GST-2022/S.50(1)(4)TH | 02-07-2022 |
| 10. | (GHN-45)GST-2022/S.128(36)TH | 16-07-2022 |
| 11. | (GHN-46)GST-2022/S.148(39)TH | 16-07-2022 |
| 12. | (GHN-49)GST-2022/S.10(1)(8)TH | 16-07-2022 |
| 13. | (GHN-50)GST-2022/S.54(3)(6)TH | 16-07-2022 |
| 14. | (GHN-53)GST-2022/S.9(3)(17)TH | 16-07-2022 |
| 15. | (GHN-56)GST-2022/S.11(1)(65)TH | 16-07-2022 |
| 16. | (GHN-57)GST-2022/S.11(1)(66)TH | 16-07-2022 |
| 17. | (GHN-58)GST-2022/S.11(1)(67)TH | 16-07-2022 |

18. (GHN-59)GST -2022/S .23(7)TH 16-07-2022

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૬) સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, અન્વયેના નાણા વિભાગના,

(૧) તા.૨/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન-૯૫-પીએફટી-૨૦૨૧-એસ.૩(૨)(૯)-ઠ,

(૨) તા.૩/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન-૯૪-પીએફટી-૨૦૨૧ એસ.૩(૨)(૮)ઠ,

(૩) તા.૮/૪/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક: જીએચએન-૩૫-પીએફટી-૨૦૨૨-એસ.૩(૨)(૧૦)-ઠ,

તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક: ૧ અને ૨ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૭) સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૯/૯/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક: ઘઇ/૨૦૨૨ ૬૧/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧- ક (પાર્ટ-૨).

**માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૮) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) સન ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક-૧.

(ખ) સન ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક-૨.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૨૧-૨૨ દરમ્યાન જે તે સંસ્થાઓ/વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક-૩.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

૯. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૩, ૬, ૮ અને ૯ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

૧૦. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**(૧) કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**(૨) જાહેર હિસાબ સમિતિના ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત**

જાહેર હિસાબ સમિતિના પ્રમુખ શ્રી પુંજાભાઇ વંશ સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કર્યો.

**(૩) જાહેર સાહસો માટેની સમિતિના સત્તરમા, અઢારમા, ઓગણીસમા અને વીસમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ શ્રી પ્રદીપસિંહ જાડેજાએ સમિતિનો સત્તરમો, અઢારમો, ઓગણીસમો અને વીસમો અહેવાલ રજૂ કર્યો.

૧૧. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

૧૨. **અધ્યક્ષશ્રીની જાહેરાત**

સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક પુનઃવિચારણા કરવા માટેનો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચીને સંભળાવ્યો.

**૧૩. માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રીનો વિધેયક પાછું ખેંચવાની અનુમતિ માગતો પ્રસ્તાવ**

માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડિયાએ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ ( રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક પાછું ખેંચવા માટેની અનુમતિ માગતો પ્રસ્તાવ રજૂ કર્યો.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ, પ્રભારી મંત્રીશ્રી વિનોદભાઇ મોરડિયાએ સભાગૃહની અનુમતિથી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક પાછું ખેંચ્યું.

**૧૪. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૨) ડો. કિરીટકુમાર પટેલ
(૩) શ્રી દુષ્યંતભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડક)
(૪) શ્રી પરેશ ધાનાણી ( પ્રવચન અધુરું)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી પરેશ ધાનાણીએ અધુરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી પિયૂષભાઇ દેસાઇ
(૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૫) ડો. કિરીટકુમાર પટેલ
(૬) ડો. સી.જે.ચાવડા
(૭) શ્રી બળદેવજી ઠાકોર
(૮) શ્રી સુખરામભાઇ રાઠવા (વિપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

**૧૫. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભાગૃહનો સમય પૂરો થવા આવતા આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ વિધેયકોની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા દરખાસ્ત કરતાં વિપક્ષના દંડકશ્રી ડો. સી. જે. ચાવડાએ સંમતિ આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૧૬. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનગર્ઠન અને નિયમન) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)ડો.સી.જે.ચાવડા
(૨) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૩) શ્રી હર્ષદભાઇ રીબડીયા
(૪) શ્રી સુખરામભાઇ રાઠવા(વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦–૦૦ કલાકે ફરી મળવા સાંજના ૬–૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**અગિયારમું સત્ર**
**ગુરુવાર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે સવારના ૧૦–૦૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

૧. **અધ્યક્ષશ્રીની જાહેરાત**

૧૪મી વિધાનસભામાં પૂર્વ માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ગુજરાત વિધાનસભાના સભ્યોમાંથી શ્રેષ્ઠ ધારાસભ્યની પસંદગી કરી તેમને એવોર્ડ આપવાની શરૂઆત કરી હતી. તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે પસંદગી કરવાના ધોરણોની ટૂંકી સમજ આપી. સન ૨૦૨૧ માટે સભ્યશ્રી જિતેન્દ્રભાઇ સુખડિયા અને સન ૨૦૨૨ માટે વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમારની પસંદગી કરવામાં આવી હોવાની જાહેરાત કરી. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી સહિત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, વિરોધ પક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા, ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ, સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, વિરોધ પક્ષના દંડકશ્રી સી.જે. ચાવડાની હાજરીમાં સભ્યશ્રી જિતેન્દ્રભાઇ સુખડિયા અને સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને વિધાનસભા ભવનની પ્રતિકૃતિ દર્શાવતી ૯૨.૫ શુદ્ધતાની ૧.૫ કિ.ગ્રામ વજન ધરાવતી ચાંદીની ટ્રોફી એનાયત કરવામાં આવી. સભાગૃહના સર્વ સભ્યશ્રીઓએ ઉભા થઇ તાળીના ગડગડાટ વચ્ચે બંને સભ્યશ્રીઓને અભિનંદન પાઠવ્યા.

૨. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૮૭ નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

૩. **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી અને ચોથી આરાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો ગુજરાત સરકાર દ્વારા હવા પ્રદૂષણ નિયંત્રણ અંગેની કામગીરીનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી**

(૩) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૪) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૫) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૦–૨૧ ના વાર્ષિક હિસાબો અને તપાસણી

અહેવાલ તથા સન ૨૦૨૨–૨૩ નું વાર્ષિક નાણાંકીય પત્રક (અંદાજપત્ર)

**માનનીય રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૬) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૧૯–૨૦૨૦ નો વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી**

(૭) કામધેનું યુનિવર્સિટીનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૮) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૫–૧૬ થી ૨૦૧૭–૧૮ સુધીના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૯) સન ૨૦૨૨ ના ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના, તા. ૧૬/૦૭/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંકઃ

(૧) જીએચજી/૯૬/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,

(૨) જીએચજી/૯૭/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,

(૧) જીએચજી/૯૮/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,

(૧) જીએચજી/૯૯/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૦) સન ૧૯૬૦ ના ગુજરાતના મંત્રીશ્રીઓના પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૦/૦૫/૨૦૨૨ નું જાહેરનામા ક્રમાંકઃ ગસ/૨૦૨૨/૦૫/ એમટીઆર–૨૦૨૨(૧)કેયુ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**૧.** અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી મોહનભાઈ ઢોડિયાએ સમિતિનો આઠમો, નવમો અને દસમો અહેવાલ રજૂ કર્યો.

**૨.** અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી હિતુ કનોડિયાએ સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૩.** સભાગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ નવમો અહેવાલ રજૂ કર્યો.

**૬. સભાત્યાગ**

સભ્યશ્રી પુંજાભાઈ વંશે લમ્પી વાઈરસ અંગેની ચર્ચા કરવાની માગણી કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો બનતો ન હોવાથી મંજૂરી ન આપતા, સભ્યશ્રી મોહનસિંહ રાઠવા, સભ્યશ્રી અંબરીશભાઈ ડેર અને સભ્યશ્રી પ્રતાપભાઈ દૂધાત સિવાયના વિરોધ પક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૭. સભાગૃહના બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

**૮. સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્ય કક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયાએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૨નું ગુજરાત નગરપાલિકા(સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઈ રાઠવા(વિપક્ષના નેતાશ્રી) (૬) શ્રી નૌશાદ સોલંકી

(૨) શ્રી શૈલેષ પરમાર (૭) શ્રી વિરજીભાઈ ઠુમ્મર

(૩) શ્રી અરવિંદકુમાર પટેલ (૮) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી રઘુભાઇ દેસાઇ (૯) શ્રી બળદેવજી ઠાકોર
(૫) શ્રી પુંજાભાઇ વંશ

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય કાયદા મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૨નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૯. સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરી. જેને વિપક્ષના દંડકશ્રી ડો.સી.જે.ચાવડાએ સમર્થન આપતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો વિરામનો સમય લંબાવ્યો.

(વિરામ બપોરના – ૧૨-૦૦ થી ૧૨-૩૦ )

**૧૦. ઓ.બી.સી.ની વસતિ ગણતરી કરી અનામત વધારવા અંગે વિપક્ષની રજૂઆત અને સભાત્યાગ**

વિપક્ષના દંડકશ્રી ડો.સી.જે.ચાવડાએ ઓ.બી.સી.ની વસતિ પ્રમાણે અનામત વધારવા અંગે અડધા કલાકની ચર્ચાની માગણી કરી. ત્યારબાદ સભ્યશ્રી અમિત ચાવડાએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પોસ્ટરો બતાવી સૂત્રોચ્ચાર કરતા માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ-૩૪(૨) હેઠળ આ અંગે તપાસ પંચ ચાલુ હોઇ તેની ચર્ચા ગૃહમાં થઇ શકે નહિ અને સભ્યશ્રીઓને વારંવાર પોતાની જગ્યા ઉપર બેસવાનું કહેતા, તત્સમયે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ શ્રી બળદેવજી ઠાકોર, શ્રી ઋત્વિક મકવાણા, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભરતજી ઠાકોર, શ્રી જિગ્નેશકુમાર મેવાણી, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી પૂનમભાઇ પરમાર વેલમાં આવતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને નિયમ-૫૧ નીચે આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા. તેના અનુસંધાને વિપક્ષના સભ્યશ્રી ડો.કિરીટકુમાર પટેલ અને સભ્યશ્રી મોહનસિંહ રાઠવા સિવાયના વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૧૧. સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.કિરીટકુમાર પટેલ

**૧૨. અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગૃહની કાર્યવાહીમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર જવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા અને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓનાં નામો વાંચી સંભળાવ્યા. જેમાં સભ્યશ્રી બળદેવજી ઠાકોર, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભરતજી ઠાકોર, શ્રી જિગ્નેશકુમાર મેવાણી, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી પૂનમભાઇ પરમારને આજના દિવસની ગૃહની કાર્યવાહીમાંથી બહાર જવાનું જણાવ્યું.

**૧૩. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ચર્ચાનો જવાબ માનનીય કાયદા મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવો મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩,અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩,અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૪. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો અંકુશમાં લેવા અંગે**

સભ્યશ્રી ઇન્દ્રજિતસિંહ પરમારે "રાજ્યમાં જીવન–જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવો, જી.એસ.ટી.ના ઉંચા ભાવો અને પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવ વધવાથી આમજનતાને રાહત આપવા માટે જીવન જરૂરિયાતની ચીજ–વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા આ સભાગૃહમાં ચર્ચા વિચારણા કરવા" બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી સુખરામભાઇ રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) | (૬) શ્રી ગ્યાસુદ્દિનભાઇ શેખ |
| (૨) શ્રી વિવેકભાઇ પટેલ | (૭) શ્રી હિંમતસિંહ પટેલ |
| (૩) શ્રી પરેશભાઇ ધાનાણી | (૮) શ્રી બાબુભાઇ બોખીરિયા |
| (૪) શ્રી પુજાભાઇ વંશ | (૯) શ્રી ગેનીબેન ઠાકોર |
| (૫) શ્રી જીતેન્દ્રભાઇ સુખડિયા | (૧૦)શ્રી નરેશભાઇ પટેલ (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી) |

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૬૦ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૬. સત્રાંતે આભાર વિધિ**

૧૪મી ગુજરાત વિધાનસભાના છેલ્લા સત્રમાં છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત વિધાનસભાએ ગુજરાતની પ્રજા માટે કરેલ કામગીરી અંગેનો ચિતાર માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓએ આપ્યો, જેમાં માનનનીય સભ્યશ્રી શૈલેષ પરમાર, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા, માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, સભ્યશ્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ પોતાના અનુભવો જણાવ્યા. જેમાં માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યએ સૂર પૂરાવી મુખ્યમંત્રીશ્રી, સર્વ મંત્રીશ્રીઓ, શાસકપક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓનો સાચા અર્થમાં સાથ સહકાર મળી રહ્યો છે અને ભવિષ્યમાં મળતો રહેશે તેમ જણાવી સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો.

**૧૭. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૨–૫૯ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે

સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.
ત્યારબાદ ''વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય, ડી.એમ.પટેલ
ગાંધીનગર. સચિવ,
તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨. ગુજરાત વિધાનસભા.